સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સરકારી કુમાર/કન્યા છાત્રાલયોમાં પ્રવેશ મેળવવા અંગે ઓનલાઈન અરજીઓ મેળવવાની જાહેરાત વર્ષ ૨૦૨૬-૨૭

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત, આર્થિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી ડિગ્રી, ડિપ્લોમાં, આર્ટસ અને કોમર્સના સ્નાતક, અનુસ્નાતક તેમજ ધો.૧૧-૧૨ ના તમામ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની પૂરતી તક આપવાના હેતુ માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા સરકારી છાત્રાલયોની સવલત આપવામાં આવે છે. જે સરકારી છાત્રાલયોની યાદી **esamajkalyan.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ છે. આ સરકારી છાત્રાલયોમાં ચાલુ શૈક્ષણિક **વર્ષ ૨૦૨૬-૨૭** માટે પ્રવેશ મેળવવાની ઇચ્છા ધરાવતા અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રવેશ માટે **esamajkalyan.gujarat.gov.in** પર **તા.૨૦/૦૭/૨૦૨૬(૧૨.૦૦ કલાક) થી** ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. સરકારી છાત્રાલયોમાં **'એ ગૃપ' મેડિકલ/ઇજનેરી** અને તેને સંલગ્ન અન્ય અભ્યાસક્રમોના ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓએ **તા.૨૦/૦૭/૨૦૨૬ થી તા.૧૦/૦૮/૨૦૨૬ (૨૩:૫૯ કલાક)** સુધી અરજી કરવાની રહેશે. જ્યારે **અન્ય** અભ્યાસક્રમના વિદ્યાથીઓએ **તા.૨૦/૦૭/૨૦૨૬ થી ૩૧/૦૭/૨૦૨૬ (૨૩:૫૯ કલાક)** સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે..
2. પ્રવેશની અરજી કરનાર ફ્રેશ વિદ્યાર્થીએ વાર્ષિક પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ. જે વિદ્યાર્થીઓને અગાઉના વર્ષમાં સરકારી છાત્રાલયમાં ડીફર સીટ પર એટલે કે માત્ર એક વર્ષ માટે જ શરતી પ્રવેશ આપેલ છે તેમને પણ ફ્રેશ વિદ્યાર્થી તરીકે જ અરજી કરવાની રહેશે.
3. સરકારી છાત્રાલયમાં ફ્રેશ (નવા) અને રીન્યુઅલ (જુના) વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટેની અરજી ઓનલાઈન જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી પ્રમાણપત્રો પણ ઓનલાઇન જ અપલોડ કરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ઓફલાઇન અરજી ધ્યાને લેવામાં આવશે નહી.
4. સરકારી છાત્રાલયના રીન્યુઅલ વિદ્યાર્થી એટલે કે અગાઉના વર્ષમાં રેગ્યુલર સીટ ઉપર પ્રવેશ મેળવેલ હોય તેમને ગત વાર્ષિક પરિક્ષામાં યુનિવર્સિટી માન્ય ગણતરી પ્રમાણે છેલ્લા બે સેમીસ્ટરની સરેરાશ ટકાવારી ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઈએ. જ્યાં ટકાવારીને બદલે ગ્રેડેશન આપવામાં આવતા હોય તેવા કિસ્સામાં ૫૦% કે તેથી વધુ સમકક્ષ ગ્રેડેશન હોવા જોઈએ.
5. સરકારી છાત્રાલયમાં પ્રવેશ મેળવવા માટે આવક મર્યાદા વાર્ષિક **રૂ. ૬.૦૦ લાખ** રહેશે.
6. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની વિગતોની ખરાઈ કરી લેવાની રહેશે. જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો **esamajkalyan.gujarat.gov.in** મા **Withdraw Application** ની મદદથી જાહેરાતની સમયમર્યાદામાં જૂની અરજી રદ કરી નવેસરથી અરજી કરવાની રહેશે.
7. ઓનલાઈન અરજી ફોર્મ ભરતા સમયે વિદ્યાર્થી/વાલી દ્વારા નામ, સરનામુ, જાતિ, જ્ઞાતિ/પેટા જ્ઞાતિ, માર્ક/ટકાવારી, સરકારી છાત્રાલયની પસંદગી તેમજ અન્ય તમામ વિગતો ચોકસાઈપૂર્વક ભરવાની રહેશે. અરજી સબમીટ કરતા પહેલા ફોર્મમા ભરેલ તમામ વિગતો યોગ્ય છે કે કેમ તેની ખાતરી કરી લેવાની રહેશે. અરજી ફોર્મમા ખોટી વિગતો ભરેલ હશે તો તેવા વિદ્યાર્થીની અરજી રદ થવા પાત્ર રહેશે, જેની તમામ જવાબદારી વિદ્યાર્થી/વાલીની રહેશે.
8. વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ અરજીના આધારે પ્રવેશ અંગેનો હક્ક દાવો કરી શકશે નહિં. સરકારશ્રીએ ઠરાવેલ નિયમોનુસાર અરજી મંજૂર કરીને મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.
9. સરકારી છાત્રાલયમાં પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરીટ યાદી **esamajkalyan.gujarat.gov.in** પર પ્રસિધ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિધ્ધ થયેથી મેરીટ યાદીમાં આવેલ છાત્રોએ સંબંધિત સરકારી છાત્રાલય ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. જો કોઇ અરજદારની ઓનલાઇન ફોર્મમાં ભરેલ પરીક્ષાના ગુણની ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાયકાત અંગેના અન્ય પ્રમાણપત્રોમાં તફાવત જણાશે તો તેવા અરજદારોને પ્રવેશ આપવામાં આવશે નહીં.
10. સરકારી છાત્રાલયોમાં પ્રવેશ માટે છાત્રાલયના મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યા ધ્યાને લઈ નિયમોનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત, આર્થિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર પેટા અનામત મુજબ બેઠકો ફાળવવામાં આવે છે. જેમાં, સૌપ્રથમ રીન્યુઅલ વિદ્યાર્થીઓને નિયમોનુસાર પ્રવેશ આપ્યા બાદ મકાનની ક્ષમતા અને માન્ય સંખ્યાને ધ્યાને લઈ ખાલી રહેતી જગ્યાઓમાં નિયમોનુસાર મેરીટથી ફ્રેશ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
11. સરકારી છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો તેમજ વધુ વિગતો **esamajkalyan.gujarat.gov.in** પર દર્શાવેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી છાત્રોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ સરકારી છાત્રાલય અંગેની વિશેષ માહિતી જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતિ)ની કચેરીમાંથી પણ મળી રહેશે.
12. વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કર્યા બાદ સુધારા/પૂર્તતા માટે અરજી લોગીનમાં પરત આવેલ છે કે કેમ તેની ચકાસણી સમયાંતરે કરવાની રહેશે. જો ઓનલાઇન કરેલ અરજી સુધારા/પૂર્તતા માટે પરત આવેલ હોય તો સમયમર્યાદામાં સુધારા/પૂર્તતાનું નિરાકરણ કરી અરજી સબમીટ કરવાની રહેશે. સમયમર્યાદામાં સુધારા/પૂર્તતા કરી અરજી પરત નહી મળે તેવા વિદ્યાર્થીઓ પ્રવેશને પાત્ર થશે નહી. જેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની રહેશે.
13. પ્રવેશ બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે.

(વિક્રમસિંહ જાદવ IAS)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સ્થળ: ગાંધીનગર
તારીખ:૨૦/૦૭/૨૦૨૬

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર

વર્ષ ૨૦૨૬-૨૭મા તમામ ગૃપના નવા અને રીન્યુઅલ વિદ્યાર્થીઓની અરજીઓ મેળવવાની સરકારી છાત્રાલયની યાદી (કુમાર/કન્યા)

ક્રમ	જીલ્લો	તાલુકો	નામ-સરનામું
૧	અમદાવાદ	ધંધુકા	સરકારી કુમાર છાત્રાલય, ધંધુકા, ધોલેરા રોડ, ધંધુકા
૨	અમદાવાદ	અમદાવાદ	સરકારી કુમાર છાત્રાલય (ધો.૧૧-૧૨ તથા ડીપ્લોમા કક્ષા), અમદાવાદ (સરકારી કુમાર છાત્રાલય (કોલેજકક્ષા), અમદાવાદના મકાનમાં સંયુક્ત રીતે ચાલે છે.)
૩	અમરેલી	રાજુલા	સરકારી કુમાર છાત્રાલય, રાજુલા, ITI ની સામે, આદર્શ નિવાસી શાળાના કેમ્પસમાં, ડુંગર રોડ, રાજુલા
૪	ગાંધીનગર	ગાંધીનગર	સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગર, (ધો.૧૧-૧૨ તથા ડીપ્લોમા કક્ષા), સેક્ટર-૩૦, બ્લોક નં.૧૦/૩ , ૧૭/૫, ૧૭/૬, ૧૮/૩ , ૧૮/૪, ૧૯/૩ , ૧૯/૫, ૧૯/૬ " ચ" ટાઇપ, ગાંધીનગર, સરકારી કવાટર્સ
૫	ગાંધીનગર	કલોલ	સરકારી કુમાર છાત્રાલય, કલોલ, ડૉ.સુર્યકાન્તભાઈ એમ. કાપડીયાના મકાનમાં, તિરૂપતિ કોમ્પ્લેક્ષ, કામદાર વીમા યોજનાના દવાખાનાની સામે, કલોલ
૬	ભાવનગર	મહુવા	સરકારી કુમાર છાત્રાલય, મહુવા, ભારત સી.એન.જી., પેટ્રોલ પંપ સામે, મહુવા બાયપાસ રોડ, તા.મહુવા
૭	રાજકોટ	રાજકોટ	સરકારી કુમાર છાત્રાલય, (ધો.૧૧-૧૨ તથા ડીપ્લોમા કક્ષા), રાજકોટ, (સરકારી કુમાર છાત્રાલય, (કોલેજકક્ષા), રાજકોટના મકાનમાં સંયુક્ત રીતે કાર્યરત છે.)
૮	આણંદ	ખંભાત	સરકારી કુમાર છાત્રાલય, ખંભાત (આદર્શ નિવાસી શાળા, ખંભાત, પોર્ટ રોડ, રાહધારી માર્ગ દરીયાકિનારે, મુ.પો.ખંભાત, જિ.આણંદના મકાનમાં સંયુક્ત રીતે કાર્યરત છે.)
૯	દેવભૂમી દ્વારકા	ખંભાળીયા	સરકારી કુમાર છાત્રાલય, ખંભાળીયા
૧૦	વલસાડ	વલસાડ	મોરારજીભાઇ દેસાઇ કુમાર છાત્રાલય, ભાગડાવાડા, હળપતી વાસની બાજુમાં, કોસંબા રોડ, વલસાડ
૧૧	વલસાડ	વલસાડ	સરકારી કુમાર છાત્રાલય, (ધો.૧૧-૧૨ અને ડિપ્લોમાકક્ષા) ભાગડાવડા, મુ.ભાગડાવડા, હળપતી વાસ આગળ, મોરા ભાગડા, તા.જિ.વલસાડ
૧૨	જુનાગઢ	જુનાગઢ	સરકારી કુમાર છાત્રાલય, જુનાગઢ, આદર્શ નિવાસી શાળાના મકાનની બાજૂમાં, બિલખા રોડ, કર્મચારીનગરની પાછળ
૧૩	અરવલ્લી	મોડાસા	સરકારી કુમાર છાત્રાલય, મોડાસા, મુ.ડુગરવાડા, તા.મોડાસા
૧૪	સાબરકાંઠા	હિંમતનગર	સરકારી કુમાર છાત્રાલય, હિંમતનગર, મુ.હાંસલપુર, હિંમતનગર-ઇડર બાયપાસ રોડ, તા.હિંમતનગર
૧૫	વડોદરા	વડોદરા	સરકારી કુમાર છાત્રાલય, વડોદરા, ધનીયાવી ચોકડી પાસે, તરસાલી, જિ.વડોદરા-૩૯૦૦૦૯
૧૬	મોરબી	મોરબી	સરકારી કુમાર છાત્રાલય, મોરબી, વરૂડી માતાના મંદિર પાછળ, રફાળેશ્વર, મોરબી
૧૭	બોટાદ	બોટાદ	સરકારી કુમાર છાત્રાલય, બોટાદ શ્રી હમીદ મનસુરઅલ્લી પ્યારઅલીની માલિકીનુ પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફ્લેટની પાસે, પાળિયાદ રોડ, બોટાદ
૧૮	મહીસાગર	લુણાવાડા	સરકારી કુમાર છાત્રાલય, લુણાવાડા, રાણા અમિતકુમાર નટવરલાલની માલિકીનુ પ્રોપર્ટી નં.૬૮૬/૧૩૨૪/૩ , ૬૮૬/૧૩૨૪/૪ અને ૬૮૬/૧૩૨૪/૫, દરકોલી તળાવ સામે, હનુમાનનગર, લુણાવાડા

૧૯	અમરેલી	રાજુલા	સરકારી કન્યા છાત્રાલય, રાજુલા, શ્રી લક્ષ્મીબેન જી. લાખણોત્રા અને જીવણીબેન બી. લાખણોત્રાની સંયુક્ત માલિકીના છતડીયા રોડ, સદવિચાર હોસ્પિટલની સામેનો ખાચો, મુ.તા.રાજુલા ખાતેનું મકાન
૨૦	અમરેલી	અમરેલી	સરકારી કન્યા છાત્રાલય, અમરેલી, રેખાબેન વિઠ્ઠલભાઈ બોઘરાનું મકાન, અમૃતધારા સોસાયટી, બ્લોક નં.૧, પટેલ સંકુલ સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
૨૧	ભાવનગર	મહુવા	સરકારી કન્યા છાત્રાલય, મહુવા, તાલુકા સેવા સદનની પાછળ, તાલુકા સેવા સદન અને મામલતદાર કચેરી વચ્ચેનો રોડ, બાયપાસ રોડ મહુવા

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર

માત્ર એ-ગ્રુપના નવા અને રીન્યુઅલ વિદ્યાર્થીઓની અરજીઓ મેળવવાની સરકારી છાત્રાલયની યાદી (કુમાર/કન્યા)

ક્રમ	જીલ્લો	તાલુકો	નામ-સરનામું
૧	અમદાવાદ	અમદાવાદ	સરકારી કુમાર છાત્રાલય (કોલેજકક્ષા), અમદાવાદ, મહેશ્વરીનગર, તક્ષશીલા રોડ, ઓઢવ
૨	અમરેલી	અમરેલી	સરકારી કુમાર છાત્રાલય, અમરેલી, સુશ્રી દક્ષાબેન મહેશભાઈ રામાણી તથા સુશ્રી મંજુલાબેન ચંદુભાઈ રામાણીની માલિકીનું મકાન, ગજેરા શૈક્ષણિક સંકુલ સામે, ચક્કર ગઢ, અમરેલી
૩	ગાંધીનગર	ગાંધીનગર	સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગર, (કોલેજકક્ષા) સેક્ટર-૩૦, બ્લોક નં.૨૦/૧, ૨૦/૨, ૨૦/૩, ૨૦/૪, ૨૦/૫, ૨૦/૬, ૨૧/૧, ૨૧/૨, ૨૧/૩, ૨૧/૪, ૨૧/૫, ૨૧/૬, ૪/૧, ૪/૨, ૪/૩, ૪/૪, ૪/૫, ૪/૬, ૨૩/૩, ૨૩/૪ "ચ" ટાઇપ, ગાંધીનગર, સરકારી કવાટર્સ
૪	ગીર સોમનાથ	વેરાવળ	સરકારી કુમાર છાત્રાલય, વેરાવળ, હુડકો સોસાયટી, સાઇબાબા મંદિર પાસે, વેરાવળ જુનાગઢ બાયપાસ રોડ, વેરાવળ
૫	ગીર સોમનાથ	ઉના	સરકારી કુમાર છાત્રાલય, ઉના, બાયપાસ રોડ, ઉના
૬	જામનગર	જામનગર	સરકારી કુમાર છાત્રાલય, જામનગર, (કોલેજકક્ષા), સાધના કોલોની સામે, રણજીત સાગર રોડ, જામનગર
૭	જામનગર	જામનગર	સરકારી કુમાર છાત્રાલય,(ધો.૧૧-૧૨ તથા ડીપ્લોમા કક્ષા), જામનગર, સાધના કોલોની સામે, રણજીત સાગર રોડ, જામનગર
૮	ભાવનગર	ભાવનગર	સરકારી કુમાર છાત્રાલય, (કોલેજ કક્ષા) ભાવનગર, શ્રી ધાંધલીયા ધીરૂભાઈ બચુભાઈની માલિકીનું પ્લોટ નં.૨૬, "શિવમ-રતન" દુખીશ્યામ બાપા સર્કલ પાસે, તળાજા રોડ, ભાવનગર
૯	ભાવનગર	ભાવનગર	સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર, (ધો.૧૧-૧૨ તથા ડીપ્લોમા કક્ષા), સુરેશકુમાર બચુભાઈ ધાંધલ્યાનું મકાન, પ્લોટ નં. ૨૫૫ક/સી-તળાજા, રામ મંત્ર મંદીર સામે, કે.કે. પ્લાઝા બિલ્ડીંગ પાછળ, ભાવનગર
૧૦	રાજકોટ	રાજકોટ	સરકારી કુમાર છાત્રાલય, (કોલેજકક્ષા), રાજકોટ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રામદેવપીર ચોકડી, રાણીમા, રૂડીમા ચોક, રાધેશ્યામ ગૌશાળાની બાજુમાં, રૈયાધાર, રાજકોટ
૧૧	કચ્છ	ગાંધીધામ	સરકારી કુમાર છાત્રાલય, ગાંધીધામ, મુ.આંતરજાળ ઠે.રાજનગર, તા.ગાંધીધામ

૧૨	કચ્છ	ભૂજ	સરકારી કુમાર છાત્રાલય, ભૂજ, રઘુવંશી ચોકડી પાસે, સ્વામિનારાયણ વાડીની બાજુમાં, ભૂજ
૧૩	પોરબંદર	પોરબંદર	મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય, પોરબંદર, સરકારી પોલિટેકનીક પાછળ વ્રજ ભવનની સામે, સંતશ્રી ત્રિકમાચાર્ય માર્ગ, પોરબંદર
૧૪	દાહોદ	દાહોદ	સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), દાહોદ, ગ્રામ વિકાસ એજંસી કચેરીની સામે, ઝાલોદ રોડ, દાહોદ.
૧૫	પાટણ	પાટણ	અણહીલ ભરવાડ સરકારી કુમાર છાત્રાલય, હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુર્નિવસીટી કેમ્પસમાં, તા.જિ.પાટણ
૧૬	પાટણ	રાધનપુર	સરકારી કુમાર છાત્રાલય, રાધનપુર, સાતુન રોડ, શાંતિધામની પાછળ, મદારી વસાહત સામે, તા.રાધનપુર
૧૭	બનાસકાંઠા	પાલનપુર	સરકારી કુમાર છાત્રાલય, પાલનપુર, સદરપુર ચોકડી, અંબાજી હાઇવે, તા.પાલનપુર
૧૮	મહેસાણા	મહેસાણા	સરકારી કુમાર છાત્રાલય, મહેસાણા, આર.ટી.ઓની પાછળ, સરદાર ડેરી પાસે, મહેસાણા-અમદાવાદ હાઈવે, તા.જિ.મહેસાણા
૧૯	મહેસાણા	વિસનગર	સરકારી કુમાર છાત્રાલય, વિસનગર, કમાણા રોડ, તા.વિસનગર
૨૦	સાબરકાંઠા	ઇડર	સરકારી કુમાર છાત્રાલય, ઈડર, પી.ટી.સી. કોલેજ સામે, લાલોડા રોડ, ઈડર, જિ.સાબરકાંઠા
૨૧	નવસારી	નવસારી	સરકારી કુમાર છાત્રાલય, નવસારી, નવસારી વિભાગ કેળવણી ટ્રસ્ટની માલિકીનું મકાન, કડીયાવાડ મુખ્યમાર્ગ, નવસારી (મકાનનો બીજો માળ ભાડેથી રાખેલ છે.)
૨૨	અમદાવાદ	અમદાવાદ	સરકારી કન્યા છાત્રાલય, અમદાવાદ, મહેશ્વરીનગર, તક્ષશીલા રોડ, ઓઢવ
૨૩	ગાંધીનગર	ગાંધીનગર	સરકારી કન્યા છાત્રાલય, ગાંધીનગર, સેક્ટર-૧૩, બ્લોક નં.૩૫૧/૧ થી ૩૫૧/૪, ગાંધીનગર, સરકારી ક્વાર્ટસ
૨૪	ગીર સોમનાથ	ઉના	સરકારી કન્યા છાત્રાલય, ઉના, ૧૮૫, નગરપાલિકા ટાઉનહોલ પાસે, ઉના
૨૫	ગીર સોમનાથ	વેરાવળ (પ્રભાસ પાટણ)	સરકારી કન્યા છાત્રાલય, વેરાવળ, હુડકો સોસાયટી, સાઇબાબા મંદિર પાસે, વેરાવળ જુનાગઢ બાયપાસ રોડ, વેરાવળ
૨૬	જામનગર	જામનગર	સરકારી કન્યા છાત્રાલય, જામનગર, કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહના છાત્રાલયના મકાનમાં, પટેલ કોલોની વિકાસ ગૃહ રોડ, શેરી નં.૧, જામનગર
૨૭	ભાવનગર	ભાવનગર	સરકારી કન્યા છાત્રાલય, ભાવનગર, પ્લોટ નં.૨૫૫૫/એ, સુર્યદીપ કોમ્પલેક્ષ, રામમંત્ર મંદીર સામે, રાધેશ્યામ હોસ્પીટલની બાજુમાં, તળાજા રોડ, ભાવનગર

૨૮	રાજકોટ	રાજકોટ	સરકારી કન્યા છાત્રાલય, રાજકોટ શ્રી ધમેન્દ્રસિંહજી કોલેજ હોસ્ટેલનું મકાન, ડૉ.યાજ્ઞીક રોડ, ભગત પૈડાવાળાની સામે, રાજકોટ (શિક્ષણ વિભાગના મકાનમાં ટોકન ભાડેથી ચાલે છે.)
૨૯	આણંદ	આણંદ	સરકારી કન્યા છાત્રાલય, વલ્લભ વિદ્યાનગર, મુ.રામપુરા, બાકરોલ રોડ, રમત-ગમત સંકુલ પાસે, આણંદ
૩૦	દેવભૂમી દ્વારકા	ખંભાળીયા	સરકારી કન્યા છાત્રાલય, ખંભાળીયા, રાંભીબેન દેવાતભાઈ કોઠીયાની માલિકીનું મકાન, ઘોરીવાવ પ્રાથમિક શાળા પાસે, મુ.ધરમપુર, ખંભાળીયા
૩૧	જુનાગઢ	જુનાગઢ	સરકારી કન્યા છાત્રાલય, જુનાગઢ, આદર્શ નિવાસી શાળાના મકાનની બાજૂમાં, બિલખા રોડ, કર્મચારીનગરની પાછળ
૩૨	પોરબંદર	પોરબંદર	કસ્તુરબા ગાંધી કન્યા છાત્રાલય, પોરબંદર, આદર્શ નિવાસી શાળા (કુમાર) ની બાજુમાં, સાંદિપની ગુરુકુળ પાસે, પોરબંદર
૩૩	પાટણ	પાટણ	સતી જસમા ઓડણ કન્યા છાત્રાલય, (કોલેજ કક્ષા), હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુર્નિવસીટી કેમ્પસમાં, તા.જિ.પાટણ

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર

તમામ ગૃપના માત્ર રીન્યુઅલ વિદ્યાર્થીઓની અરજીઓ મેળવવાની સરકારી છાત્રાલયની યાદી (કુમાર/કન્યા)

ક્રમ	જીલ્લો	તાલુકો	નામ-સરનામું
૧	આણંદ	આણંદ	સરકારી કુમાર છાત્રાલય, જોળ, બાકરોલ-વડતાલ રોડ, જોળ નહેર પાસે, જોળ, જી.આણંદ
૨	આણંદ	આણંદ	સરકારી કુમાર છાત્રાલય, કરમસદ (સરકારી કુમાર છાત્રાલય, જોળ, બાકરોલ-વડતાલ રોડ, જોળ નહેર પાસે, જોળના મકાનમાં સંયુકત રીતે કાર્યરત છે.)
૩	સુરેન્દ્રનગર	વઢવાણ	સરકારી કુમાર છાત્રાલય, વઢવાણ, ખમીસણા રોડ, મુ.ખમીસણા, તા.વઢવાણ
૪	મહેસાણા	મહેસાણા	સરકારી કન્યા છાત્રાલય, મહેસાણા, આર.ટી.ઓની પાછળ, સરદાર ડેરી પાસે, મહેસાણા અમદાવાદ હાઈવે, તા.જિ.મહેસાણા
૫	સુરેન્દ્રનગર	વઢવાણ	સરકારી કન્યા છાત્રાલય, વઢવાણ, ખમીસણા રોડ, મુ.ખમીસણા, તા.વઢવાણ